કચેરીઃ- જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી@મોડાસા

જિલ્લા અદાલત, અરવલ્લી @ મોડાસા

ફોન નં :- ૦૨૭૭૪-૨૫૦૦૯૭, ઇ-મેઇલ :- dlsaarvalli@gmail.com

વંચાણે લીધું- Scheme for Para Legal Volunteers (Revised).

નોટીફીકેશન નંબર- ૦૧ /૨૦૨૬ તા.૨૭/૦૧/૨૦૨૬

પેરા-લીગલ વોલન્ટીયર્સની નિયુક્તી માટેની જાહેરાતઃ

ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના નિર્દેશાનુસાર જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી દ્વારા અરવલ્લી જિલ્લામાં પ્રત્યેક ગ્રામ પંચાયત કચેરી તથા તમામ પોલીસ સ્ટેશનો તથા જેલો ઉપર તથા સ્થાનિક સંસ્થાઓમાં કાનૂની સેવા કેન્દ્રોની સ્થાપના માટે તેમજ કાનૂની સેવા કાર્યક્રમોના આયોજન માટે તેમજ કાનૂની જાગૃતિના પ્રચારના હેતુ માટે પેરા લીગલ વોલન્ટીયર્સ પી.એલ.વી.ની નિયુક્તી કરવાની છે, આ ઉપરાંત રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા સમાજના વિભિન્ન નબળા વર્ગોના કલ્યાણ માટે ચાલુ યોજનાઓના અમલીકરણ માટે પણ પી.એલ.વી.ની નિયુક્તી રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા બહાર પાડવામાં આવેલ Scheme for Para-Legal Volunteers (Revised) & NALSA (Legal Services Clinics in Universities, Law Colleges and other Institutions) Scheme, 2013 માં આપવામાં આવેલ દિશા નિર્દેશો મુજબ તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ દ્વારા આપવામાં આવેલ નિર્દેશો મુજબ કરવામાં આવશે.

પેરા-લીગલ વોલન્ટીયર્સ જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના નિર્દેશો મુજબ કાર્ય

કરશે. પેરા–લીગલ વોલન્ટીયર્સ કાનૂની સેવા ક્લીનીકનું સંચાલન કરશે તથા સામાન્ય લોકો તથા કાનૂની સેવાકીય સંસ્થાઓ વચ્ચે એક કડીના સ્વરૂપે કાર્ય કરશે. પ્રત્યેક પેરા–લીગલ વોલન્ટીયરને પ્રતિ કાર્ય દિવસ માટે નિયમોનુસાર નું માનદ વેતન વાસ્તવિક કાર્ય કરેલ હોવાના આધાર ઉપર ચુકવવામાં આવશે. આ સિવાય અન્ય કોઇ પણ પ્રકારનું મહેનતાણું કે ચુકવણું ચુકવવામાં આવશે નહિં.

(૧) **<u>શૈક્ષણિક લાયકાતઃ</u>**

ઉમેદવારે ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ–૧૦ની પરીક્ષા અથવા સરકાર દ્વારા માન્યતા પ્રાપ્ત સમકક્ષ પરીક્ષા પાસ કરેલ હોવી જોઇએ. અરજદારને દેવનગરી ગુજરાતી લીપીમાં ગુજરાતી લખવાની તથા વાંચવાની સારી એવી વ્યાપક જાણકારી તેમજ ક્ષમતા હોવી જોઇએ.

(૨) **<u>આવેદન પત્રઃ</u>**

આ પરીક્ષાના હેતું માટે અરજદારે આ જાહેરાતમાં આપેલ નમૂના મુજબ આવેદન પત્ર રજૂ કરવાનું રહેશે.

(૩) **<u>અરજીની સાથે નીચે લખેલ આધારો પ્રસ્તુત કરવાઃ</u>**

(ક) જન્મતારીખનું પ્રમાણપત્રની પ્રમાણીત નકલ.

(ખ) શૈક્ષણિક લાયકાતના પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ.

(ગ) જો કોલેજ સ્ટુડન્ટ હોય તો કોલેજનું આઇ કાર્ડ

(ઘ) અરજી ઉપર સ્વહસ્તાક્ષર વાળો પાસપોર્ટ સાઇઝનો નવો ફોટો લગાડેલ હોવો જોઇએ.

(૪) **<u>વય મર્યાદાઃ</u>**

જાહેરાત ની તારીખે ઉમેદવારની ન્યુનત્તમ વયમર્યાદા ૧૮ વર્ષથી ઓછી ન હોવી જોઇએ અને મહત્તમ વય મર્યાદા ૭૦ વર્ષ થી વધુ ન હોવી જોઇએ.

(૫) **<u>અરજી કરવાની અંતિમ તારીખઃ</u>**

અરજી આ કચેરીમાં **તા.૨૭.૦૨.૨૦૨૬** સુધીમાં વ્યક્તિગત રીતે અથવા ટપાલ મારફતે કચેરી સમય સુધીમાં મળી જવી જોઇએ. જિલ્લા સ્તરની અરજી

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી@મોડાસા મુકામે આપવાની રહેશે તથા તાલુકા સ્તરે તાલુકા કાનૂની સેવા સમિતી, મોડાસા / ભિલોડા / બાયડ / મેઘરજ / માલપુર / ધનસુરાની અરજી જે તે તાલુકા કાનૂની સેવા સમિતી ખાતે પણ અરજદાર અરજી જમા કરાવી શકશે. નિયત કરેલ તારીખ પછી મળેલ અરજીઓ પર કોઇ વિચારણા કરવામાં આવશે નહિં અપૂરતી અરજીઓ અથવા ક્ષતિયુક્ત અરજીઓ ઉપર કોઇ વિચારણા કરવામાં આવશે નહિં.

(૬) **પાત્રતાઃ**

પી.એલ.વી. ની પસંદગી કરતી વખતે જો જરૂરિયાતથી વધારે અરજીઓ પ્રાપ્ત થશે તો અરજીઓનું શોર્ટલીસ્ટીંગ કરી, ઉમેદવારોને મૌખિક ઇન્ટરવ્યુ માટે બોલાવવામાં આવશે. પી.એલ.વી. ની પસંદગી માટે મહિલાઓને પ્રાથમિકતા આપવામાં આવશે તેમજ અનુસૂચિત જાતિ / અનુસુચિત જનજાતિ તથા અન્ય પછાત વર્ગના ઉમેદવારોનું પ્રિનિધિત્વ પણ સુનિશ્ચિત કરવામાં આવશે.

(૭) **નીચે જણાવેલ વ્યક્તિઓ પણ પી.એલ.વી. બનવા માટે અરજી કરી શકે છેઃ**

શિક્ષક, નિવૃત શિક્ષક, નિવૃત સરકારી કર્મચારી, વરિષ્ઠ નાગરીક, એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થી તેમજ અધ્યાપક, આંગણવાડી કાર્યકર્તા, ડોક્ટર/ફીજીશીયન, વિદ્યાર્થી તેમજ કાયદાના વિદ્યાર્થી (**જ્યાં સુધી તેઓ વકીલાત માટે એનરોલ ન થાય ત્યાં સુધી**), સેવાકીય પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલ એન.જી.ઓ. અથવા ક્લબના સભ્યો, મહિલા ગ્રુપ / મૈત્રી સંગમ / સ્વયં સહાયતા સમૂહના સભ્યો, અન્ય કોઇ વ્યક્તિ કે જેને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ અથવા તાલુકા કાનૂની સેવા સમિતિ સક્ષમ અને યોગ્ય સમજે.

(૮) **પસંદગી પામેલ પી.એલ.વી. ની ફરજો (ડ્યુટી):**

૧) સમાજના નબળા વર્ગના લોકોને તેઓના કાનૂની અધિકારોથી જાણકાર કરવા.

૨) સામાન્ય નાગરીકોને તેઓના કોર્ટના કેસો અંગે વૈકલ્પીક તકરાર નિવારણ

માધ્યમો જેવા કે લોક અદાલત, મધ્યસ્થીકરણ, લવાદ, કંસીલીયેશન, ન્યાયિક સમાધાન બાબતે જાણકારી આપવી.

૩) પી.એલ.વી.એ તેઓના ક્ષેત્રમાં થતા કાર્યો ઉપર નજર રાખવી તેમજ અન્યાય થતો હોવાની સ્થિતિમાં, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળને લેખીત કે મૌખિકમાં જાણ કરવી.

૪) જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ તથા તાલૂકા કાનૂની સેવા સમિતિ દ્વારા અધિકૃત કર્યેથી પી.એલ.વી.એ જેલ, લોક-અપ, મનોચિકિત્સક હોસ્પીટલ, ચીલ્ડ્રન હોમ/ઓબઝર્વેશન હોમ, વગેરેની મુલાકાત લેવાની રહેશે તેમજ તેમાં રહેલ કેદીઓને/સહવાસીઓને કાનૂની અધિકારોથી વાકેફ કરવાના રહેશે.

૫) બાળકોનો અધિકારો, બાળ મજૂરી, બાળકોનું ગુમ થવું, સ્ત્રીઓના ગેરકાયદેસર રીતે થતા વ્યાપાર સંબંધેના કાનૂનોનું ઉલ્લંઘન થાય ત્યારે તે અંગેની માહિતી નજીકના કાનૂની સેવા સમિતિને આપવાની રહેશે.

૭) વિવાદોનું નિરાકરણ, પ્રી-લીટીગેશન, લોક અદાલત, મધ્યસ્થીકરણ, મીડીયેશન અંગે માહિતી આપવી તેમજ તેની ઉપયોગીતા સમજાવવાની રહેશે.

૮) પી.એલ.વી.એ જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ તેમજ તાલુકા કાનૂની સેવા સમિતિ દ્વારા આપવામાં આવતી મફત કાનૂની સહાયની જાણકારી તેમના ક્ષેત્રના લોકો આપવાની રહેશે તેમજ કાનૂની જાગૃતિ કાર્યક્રમો તેમજ શિબિરો કરવાની રહેશે.

૯) જીલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા વિભિન્ન યોજનાઓ સંબંધે જે જે પેમ્ફલેટ તથા ચોપાનીયા વગેરે પી.એલ.વી. ને આપવામાં આવશે તેનો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

૧૦) સદર પી.એલ.વી.ઓની નિમણૂક Scheme for Para Legal Volunteers (Revised) માં જણાવેલ સમય મર્યાદા અગર તો બીજો હુકમ થતા સુધી અમલ માં રહેશે / ચાલુ રહેશે.

(૯) <u>નિમ્નલિખિત વ્યક્તિઓ પેરા-લીગલ વોલન્ટીયર્સ તરીકે અરજી કરવાપાત્ર થતાં નથી:</u>

(૧) વકીલ, રાજકીય સંગઠનો સાથે સક્રિય રૂપે જોડાયેલ વ્યક્તિ, રાજકીય

સંગઠનો સાથે જોડાયેલ એન.જી.ઓ. ના કાર્યકર્તા, કોઇ પણ ગુન્હા માટે દોષીત થયેલ વ્યક્તિ અથવા એવો કોઇ પણ વ્યક્તિ કે જેની સામે કોઇ પણ ગુન્હાની ઇન્સાફી કાર્યવાહી ચાલુ હોય, કોઇ પણ વ્યક્તિ કે જે માનસિક રીતે પેરા–લીગલ વોલન્ટીયર તરીકે કામ કરવા માટે અસક્ષમ હોય, કોઇ પણ વ્યક્તિ કે જેના વ્યક્તિગત હિત પેરા લીગલ વોલન્ટીયર સ્કીમના હિતોને કોઇ પણ રીતે પ્રભાવિત કરતાં હોય.

પી.એલ.વી. ની નિમણુંક તથા હકાલપટ્ટી ના સંબંધીત સંપૂર્ણ અધિકાર અધ્યક્ષ, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ, અરવલ્લી@મોડાસા ની પાસે સુરક્ષિત રહેશે.

(૧૦) પસંદગી પામેલ પી.એલ.વી.ને ચાર દિવસની ટ્રેનીંગ આપવામાં આવશે. જે પી.એલ.વી. એ સંપૂર્ણ ટ્રેનીંગ લીધી હશે તેને ટ્રેનીંગ પૂર્ણ કર્યા અંગેનુ સર્ટીફીકેટ તથા આઈ કાર્ડ આપવામાં આવશે. આવા પી.એલ.વી. જ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી@મોડાસાની સેવા આપી શકશે.

<u>નોંધઃ</u> આવેદન કરનારનાઓએ આ સાથે જોડેલ અરજીના નમૂનામાં અરજી કરવાની રહેશે.

મુ. મોડાસા.
તા.૨૭/૦૧/૨૦૨૬

(શ્રીમતી એ.એન.અંજારીયા)
અધ્યક્ષ
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ,
અરવલ્લી@મોડાસા.

<u>નોટીસ બોર્ડ ઉપર બહોળી પ્રસિધ્ધી માટે કાર્યવાહી થવા તથા જાણકારી માટે સવિનય નકલ રવાનાઃ</u>

૧) અધ્યક્ષશ્રી, તાલુકા કાનૂની સેવા સમિતી, મોડાસા / ભિલોડા / બાયડ / મેઘરજ / માલપુર / ધનસુરા.
૨) જિલ્લા મેજીસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, કલેક્ટર કચેરી, અરવલ્લી@મોડાસા.
૩) પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, અરવલ્લી@મોડાસા.
૪) મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની કચેરી, (આશા વર્કર), અરવલ્લી@મોડાસા.
૫) જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પંચાયત, અરવલ્લી@મોડાસા.
૬) આઇ.સી.ડી.એસ. શાખા, (આંગણવાડી બહેનો), અરવલ્લી@મોડાસા.
૭) તમામ કોલેજ, અરવલ્લી.
૮) તમામ સામાજિક સંસ્થા, અરવલ્લી
૯) તમામ વકીલ બાર એસોશીએશન, અરવલ્લી.

પેરા લીગલ વોલીયન્ટીયર્સ (પી.એલ.વી.) ની નિમણુક માટેના આવેદન પત્રનો નમૂનો

ઉમેદવારનો હસ્તાક્ષરયુક્ત નવીનતમ પાસપોર્ટ સાઈઝનો ફોટો લગાડવો

(૧)	ઉમેદવારનું પુરૂ નામ	:	
(૨)	પિતા / પતિનું નામ	:	
(૩)	ઉમેદવારના પતિ / પત્નીનું નામ (જો પરિણિત હોય તો) (જો ઉમેદવાર અપરીણિત હોય તો સ્પષ્ટ રીતે અપરીણીત લખે)	:	
(૪)	જન્મ તારીખ અને ઉંમર	:	
(૫)	જાતિ (સ્ત્રી, પુરૂષ કે અન્ય)	:	
(૬)	વર્ગઃ સામાન્ય / અનુ.જા. /અનુ.જ.જા / સા.શૈ.પછાત વર્ગ (જે વર્ગમાં હોય તે લખવું)	:	
(૭)	શૈક્ષણિક લાયકાત	:	
(૮)	હાલ શું પ્રવૃત્તી કરો છો ?	:	
(૯)	કાયમી સરનામું	:	
(૧૦)	હાલનું સરનામું	:	
(૧૧)	ટેલીફોન નંબર / મોબાઈલ નંબર	:	
(૧૨)	બ્લડ ગૃપ	:	
(૧૩)	જો ઉમેદવાર સેવાનિવૃત કર્મચારી હોય તો કયા પદ ઉપરથી સેવાનિવૃત થયેલ છે તે જણાવવું	:	
(૧૪)	ઉમેદવાર વિરૂદ્ધ કોઇ ફોજદારી પ્રકરણ ચાલુ છે કે નથી. જો ચાલુ હોય તો સંપૂર્ણ વિગતો આપો	:	
(૧૫)	નજીકનું પોલીસ સ્ટેશન	:	
(૧૬)	રાષ્ટ્રીયતા	:	
(૧૭)	પી.એલ.વી. તરીકે કઇ પેનલમાં જોડાવા માંગો છો ? (કોઇ પણ એકની સામે	:	DLSA- Modasa- Bhiloda- Bayad-

	ખરાની નિશાની કરો.		Meghraj- Malpur- Dhansura-
(૧૮)	વર્તમાન સમયમાં ઉમેદવાર કોઇ સંસ્થા, એન.જી.ઓ. અથવા કોઇ સમાજ સેવાના કાર્યમાં અન્ય કોઇ અનુભવ હોય તો તેની વિગતો.	:	

હું _____ સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરૂ છું કે, મને અર્ધકાનૂની સહાયક તરીકે જિલ્લા અથવા તાલુકા અથવા ગ્રામ્ય સ્તરે જે કોઇપણ કાર્ય સોંપવામાં આવશે તે કાર્ય હું મારી ફરજના ભાગરૂપે નિભાવીશ અને જો તેમ કરવામાં કસુર થાય તો મને જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અરવલ્લી@મોડાસા દ્વારા અર્ધકાનૂની સહાયકના પદ ઉપરથી હાટાવી દેવામાં આવશે. વધુમાં જાહેર કરૂ છું કે, મને એ વાતની પણ સમજ મળેલ છે કે, અર્ધકાનૂની સહાયકના પદ ઉપર NALSA / GSLSA / DLSA દ્વારા વખતો વખત નક્કી કરાતા માનદ વેતન સિવાય અન્ય કોઇ પગાર, વળતર કે મહેનતાણું મળવાપાત્ર રહેશે નહીં.

વધુમાં એ પણ જાહેર કરૂ છું કે, મારા વિરૂધ્ધમાં કોઇ પોલીસ ફરીયાદ અથવા તો ફોજદારી કાર્યવાહી અથવા દિવાની મુકદમો દાખલ કરવામાં આવેલ હોય કે પડતર હોય તેવુ નથી તથા મને ભૂતકાળમાં પણ કોઇ ફોજદારી કેસમાં તકસીરવાન ઠરાવવામાં આવેલ નથી અથવા તો કોઇ દિવાની દાવામાં નાદાર જાહેર કરવામાં આવેલ નથી. વધુમાં હું એ પણ જાહેર કરૂ છું કે, હું કોઇ રાજકીય પક્ષ સાથે સક્રીય કાર્યકર્તા તરીકે જોડાયેલ નથી. આમ, મેં લખેલ ઉપરોક્ત તમામ વિગતો મારી જાણકારી મુજબ સાચી અને ખરી છે.

તારીખ-

(ઉમેદવારની સહી)

_____

બિડાણ -

૧. છેલ્લી શૈક્ષણીક લાયકાતની માર્કશીટની પ્રમાણીત નકલ.
૨. આધાર કાર્ડની પ્રમાણીત નકલ.
૩. અન્ય.